અપીલ અરજી નં.૧૭૩ તા.૧૬–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રકાશ કાંતિલાલ પંડયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ કાંતિલાલ પંડયાની તા.૨૮–૩–૧૧નીઅરજીથી સુરત સીટી સર્વે નં. ૬/૧૪૨૩–અ,બ,૧૪૨૨ની મિલકત ઉપર બાંધકામ અંગેનો સુરત મહાનગરપાલિકા ધ્વારા જે બાંધકામ અંગે પ્લાન મંજુર થયેલ તે કેન્સલ કરવા માટે આપેલ અરજીનાં અનુંસંધાનમાં કેન્સલ થયેલ પ્લાનની વિગત તથા તે બાબતના તમામ પેપરની ઝેરોક્ષ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૩/૨૦૧૧–૧૨

શ્રી પ્રકાશ કાંતિલાલ પંડયાની તા.૨૮–૩–૧૧ની અરજીથી સુરત સીટી સર્વે નં. ૬/૧૪૨૩–અ,બ,૧૪૨૨ની મિલકત ઉપર બાંધકામ અંગેનો સુરત મહાનગરપાલિકા ધ્વારા જે બાંધકામ અંગે પ્લાન મંજુર થયેલ તે કેન્સલ કરવા માટે આપેલ અરજીનાં અનુંસંધાનમાં કેન્સલ થયેલ પ્લાનની વિગત તથા તે બાબતના તમામ પેપરની ઝેરોક્ષ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સે .ઝોન./ આરટીઆઈ/આ.નં./૧૬૭ તા.૪–૫–૧૧થી નાણાં ભરી માહિતી મેળવવા જણાવ્યા બાદ નાણાં ભર્યા બાદ ફાઈલ ગુમ થઈ ગયેલ છે એવો જવાબ મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે ફાઈલ પૈકીના કાગળોની નકલ માટે નાંણા ભરવા જણાવ્યા બાદ નકલ આપવામાં થયેલ વિલંબ અંગે સ્પષ્ટતા કરવા પત્રનં.આરટીઆઈ સેલ/૫૩૩ તા.૨૬–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૬ તા.૫–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૭ તા.૪–૫–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૨૫ તા.૨૨–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૭ તા.૪–૫–૧૧ થી " ૬/૧૪૨૩ અ–બ ૧૪૨૨ ની મિલ્કતમાં સેન્ટ્રલઝોન કક્ષાએથી મંજુર કરવામાં આવેલ પ્લાન/રજાચિઠ્ઠી , ધી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ–૨૫૮ ની જોગવાઈ મુજબ કેન્સલ કેમ ન કરવી તેનો લેખિત ખુલાસો મંગાવવા અંગે મિલ્કતદાર/આર્કી. શ્રીને સેન્ટ્રલઝોન કક્ષાએથી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર શ્રી ધ્વારા લેખિત ખુલાસો સેન્ટ્રલઝોન ખાતે રજુ કરવામાં આવેલ છે. જેની બિડાણ સહિતની કુલ નકલ નંગ –૬૪ ના પ્રતિ નકલ રૂા.૨/– લેખે રૂા.૧૨૮/– સેન્ટ્રલઝોન કચેરીએ જમા કરાવ્યેથી મળી શકશે. તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૦૯૨૫૯ તા.૮–૬–૧૧ થી રૂા.૧૨૮/– દસતાવેજ ફી ભરપાઈ કરવામાં આવેલ. જે બાબતે પ્રત્યુત્તર નકલોની માહિતી નહીં મળતાં ઓફિસે તપાસ કરતાં ફાઈલ મેડમ પાસે ગઈ હોય ત્યાંથી ગુમ થઈ હોય તે બાબતે શું કરવું તે અંગે અનીલાબેન પી. પંડયાએ તા.૮–૭–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અરજી કરવામાં આવેલ. જે અંગે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૭ તા.૧૪–૭–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ અથવા અધિનિયમ–૭ માં ઠરાવેલ સમય મર્યાદામાં જેને કોઈ નિર્ણય ન મળ્યો હોય તેવી કોઈ પણ વ્યકિત તેને એવો નિર્ણય મળ્યાની અથવા ન મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર અપીલ સત્તાધિકારીને નમુના–ચ માં અપીલ કરી શકે છે એવી જોગવાઈ છે. જેની સાથે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ મુળ માહિતી માંગતી અરજી કરેલ હોય તેની વિગતો નમુના –ચ સાથે સામેલ કરી અથવા ભરી મુળ અરજી , ફી ની વિગત સહ રજૂ કરવાની રહે છે. વધુમાં તેમને સદર અરજી તા.૨૮–૩–૧૧ ના રોજ અનિલાબેન પી. પંડયાએ નહીં પરંતુ પ્રકાશભાઈ કાંતિલાલ પંડયાએ કરેલ હોય અનિલાબેન પી. પંડયા પક્ષકાર બની શેક નહીં એવું જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે સદર ફોર્મમાં અપીલ અરજી કરી તા.૪–૫–૧૧ ના રોજ મળેલ

પત્ર સંદર્ભમાં પૈસા ભર્યા બાદ નકલો માંગતા ફાઈલ ગુમ થયેલ છે તેવો જવાબ મળેલ જે બરાબર નથી તેવું જણાવી તા. ૧૬–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને નાણા ભરેલ નકલો મેળવવા રજૂઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૬ તા.૫–૮–૧૧ થી આપેલ પૂરક વિગતોમાં અરજદાર તરફથી ફી ભરપાઈ કરવામાં આવેલ. પરંતુ તે સમયગાળા દરમ્યાન સદર મિલ્કતની મુળ ફાઈલ કમિ.શ્રીના હુકમ અર્થે સાદર કરવામાં આવેલ હોય, સમય મર્યાદા બાદ અરજદારને રૂબરૂમાં માંગલ નકલો આપવામાં આવેલ છે તેવું જણાવેલ. વધુમાં તે અંગે અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૨૫ તા.૨૨–૭–૧૧ ના રોજ કરવામાંઆવેલ છે. જેની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. આમ અરજદારને પ્રસ્તાવ અનુસાર અરજદારે નાણા ભરતાં તેને પૂરી પાડવાની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આથી હવે નકલો બાબતે અરજદારની તકરાર રહેતી ન હોઈ અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ધ્વારા નાણા ભરપાઈ કર્યા બાદ નિયત સમય અવધિ બાદ નકલો પણ પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્રકાશ કાંતિલાલ પંડયા,